**<u>વડોદરાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ચોથી કોર્ટ (સી.આર.શર્મા)</u>**
**<u>સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ:–વડોદરા.</u>**

**ક્રિમી.કેસ નંબર :–૧૭૩૮૭ / ૨૦૨૦**

**આંક :–**

**<u>ફરિયાદી</u> :– શ્રી સરકાર**

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપી</u> :–કનુભાઈ ડાહ્યાભાઈ પઢીયાર**

**<u>ગુન્હો : ઈ. પી. કોડની કલમ–૨૬૯, ૨૭૦, ૧૮૮ મુજબ.</u>**

## <u>:: ચુ કા દો ::</u>

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ **<u>ઈ.પી.કો.ની કલમ– ૨૬૯, ૨૭૦, ૧૮૮</u>** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરીયાદ અને દસ્તાવેજની નકલ આપી. આરોપી આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગતા હોવાનું જણાવી અને કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવે છે, ફરીયાદપક્ષે રજુ ફરીયાદ, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજીક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: હુ ક મ ::</u>

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ. પી. કોડની કલમ–૨૬૯, ૨૭૦, ૧૮૮ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી **<u>રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા)</u>** ના દંડની સજા ફરમાવવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સી. આર. શર્મા)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
ચોથી કોર્ટ, વડોદરા.
જજ કોડ નં.જી.જે.–૦૧૫૬૨.

તા.૧૦–૦૭–૨૦૨૧.
સ્થળ : વડોદરા.

Received Rs_____________
Receipt No._____________
Date :10/07/2021.

Suprintendent
J.M.F.C, 4th Court, Vadodara.